No. of Printed Pages : 5

**FGT-01**

**BDP/BCA/BTS**

00156

**Term-End Examination**

**June, 2015**

# FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

---

**1.** નીચેના વિષયોમાંથી ગમે તે *એક* વિષય પર નિબંધ લખો. 8

(a) માતૃભાષાનું મહત્ત્વ

(b) વિવિધતામાં એકતા

(c) રાષ્ટ્રીય નવનિર્માણમાં વિદ્યાર્થીનું કર્તવ્ય

(d) એક યાદગાર પ્રવાસ

**2.** નીચેનામાંથી કોઈપણ *ચાર* પ્રશ્નોના જવાબ આપો. 8

(a) ગાંધીજીએ દાંડીકૂચનો આરંભ કરતા કઈ પ્રતિજ્ઞા લીધી ?

(b) પ્રાચીનકાળથી આપણે ત્યાં અનેક ભાષાઓ જાણનારને શા માટે બિરદાવવામાં આવે છે ?

(c) પાણીમાંથી વરાળ બનવાની પ્રક્રિયાને કઈ પ્રક્રિયા કહેવાય ? શાથી ?

(d) 'મૈત્રી પીગળી એટલે એણે કરુણાનું રૂપ ધારણ કર્યું' – આ કથન સ્પષ્ટ કરો.

(e) 'જગતમાં પત્ની વિનાની સધુરની સ્થિતિ ઘણી વિચિત્ર હોય છે' – આ વિધાન દ્વારા લેખક શું કહેવા માંગે છે ?

(f) અનુનાસિક ધ્વનિનું નિર્માણ કઈ રીતે થાય છે ?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ વાપરી ખાલી જગ્યા પૂરો. *4*

(i) એક અંગ્રેજ તંત્રીના મત મુજબ ________ ને પવિત્ર ગણી તેની સાથે છૂટછાટ લેવી જોઈએ નહી. (જોડણી, સમાચાર, હકીકત)

(ii) ઘોષ અને અઘોષ ધ્વનિઓના ઉચ્ચારણમાં મુખ્યત્વે તો ________ કારણભૂત છે. (નાદતંત્રીઓનું કંપન, જીભનું હલનચલન, પડજીભનું આંદોલન)

(iii) ઈ.સ. પૂર્વે 2700 સુધી ________ માં મોટા પુસ્તકાલયો હતા. (ભારત, સુમેર, ઈજિપ્ત)

(iv) ગુજરાતી લખાણમાં ________ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. (તત્સમ, દશ્ય, તદ્‌ભવ)

(b) રૂઢિપ્રયોગની સામે તેનો અર્થ લખો. 4

| | | | |
|---|---|---|---|
| (i) | આંખ આડા કાન કરવા | (A) | ભંભેરણી કરવી |
| (ii) | જીવ પડીકે બંધાવો | (B) | બધાંનો નાશ કરવો |
| (iii) | નામ નિશાન ન હોવું | (C) | ભારે ઉચાટ થવો |
| (iv) | કાન ફૂંકવા | (D) | સાંભળ્યું વ સાંભળ્યુ કરવું |

4. નીચેનામાંથી ગમે તે *બે* વિશે ટૂંક નોંધ લખો. 6

(a) બંધારણની 32 મી કલમનું મહત્ત્વ

(b) વિજ્ઞાન અને ધર્મ

(c) વર્તમાન સમયમાં અનુવાદનું મહત્ત્વ

5. નીચેના વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમને ફરીથી લખો. 4

(a) સ્નેહી હતાં દંપતિ ઓના સપારા.

(b) લેખક હતા મુનશીમોટા.

(c) ભારતીય પારણામાં સંસ્કૃતિ વનોનાં ઊછરી છે.

(d) બસ ભારથી લદાયેલી પેસેન્જરોના હતી.

6. નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો. *4*

(a) 'દુનિયાને આ રાઈ આવ્યો હતો તેના જેવી મરદાનગીની જરૂર છે.'

(i) વંજુલ

(ii) કલ્યાણકામ

(iii) સાવિત્રી

(b) 'મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો.'

(i) પખો સોની

(ii) શકરી

(iii) હેતી

(c) 'તું વળી ખાવાનું મોકલનાર કોણ ? જાય છે કે નહીં' ?

(i) નાયક

(ii) નાયિકા

(iii) મહારાજ

(d) 'ઈશ્વરની ઘેર પણ ન્યાય છે કાંઈ ?'

(i) શકરી

(ii) રતી

(iii) સુખદેવ

7. નીચેના બન્ને પ્રશ્નોનાં જવાબ આપો. 6

(a) 'ગાંધીજીએ બતાવેલો રસ્તો ન ભૂલીએ' – પાઠમાં વ્યક્ત થતો જવાહરલાલ નેહરુનો દેશપ્રેમ વર્ણવો.

(b) ધર્મને નામે ચાલતી કઈ વાતો વિજ્ઞાનને માન્ય નથી ? શાથી ?

8. નીચેનાં કથનોને સમજાવો. 6

(a) 'તને ખબર છે ? ભૂખથીય ભૂંડી ભીખ છે. ભૂખ તો હાડ-માંસ ગાળી નાખે છે પણ આ ભીખ તો–'

(b) 'એ મારો ઘોડો છે, અને મારી ગંધ પારખીને ખોંખારે છે.'

(c) 'લો બેટે, તુમ્હારી શાદીમેં ઈસકી ચુન્રી બના લેના.'

---